RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૭૬ તા.૧૬–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૩૦–૦૯–૧૧ની અરજીથી વરાછા ઈસ્ટ ઝોન હદવિસ્તારમાં આવેલ શિવાજીનગર ઝુંપડપટ્ટી અંગે જે ઝુંપડાવાસીઓને કરેલા સર્વે અને તેઓને આપેલા એચ.આઈ.નંબર તથા તેમને થયેલ આવાસ ફાળવણીના તમામ મુદ્દા ઓને આવરી લેવામાં આવેલ હોવાથી આ અંગે માહિતી પુરી પાડવા બાબતે મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૬/૨૦૧૧–૧૨

શ્રીરામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૩૦–૦૯–૧૧ની અરજીથી વરાછા ઈસ્ટ ઝોન હદવિસ્તારમાં આવેલ શિવાજીનગર ઝુંપડપટ્ટી અંગે જે ઝુંપડાવાસીઓને કરેલા સર્વે અને તેઓને આપેલા એચ.આઈ.નંબર તથા તેમને થયેલ આવાસ ફાળવણીના તમામ મુદ્દા ઓને આવરી લેવામાં આવેલ હોવાથી આ અંગે માહિતી પુરી પાડવા બાબતે મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૫૧૩ તા.૧૧–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તપાસણી મેળવેલ–આપેલ હોય તો રોજકામની નકલ સહ રજૂ કરવા તથા તા.૧૧–૧૧–૧૧ નો પત્ર સમય મર્યાદામાં અરજદારને રવાના કર્યાના આધાર સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૦૯ તા.૨૩–૧૨–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા. ૧૧–૧૧–૧૧ના પત્રથી મોકલેલ માહિતી તેઓને late મળ્યાનો દાવો કરેલ છે તે અંગે જે આધાર હોય તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આરટીઆઈ/આ.૫૧૩,૫૧૪ તા.૬–૧–૧૨ થી ફી ભર્યાની વિગત, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૧૩ તા.૧૧–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩૦–૯–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી વરાછા ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ ૫૧૩ તા.૧૧–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) વરાછા ઈસ્ટ ઝોન કચેરી ધ્વારા જે શિવાજીનગર ઝુંપડપટ્ટીનું જે ઝુંપડા સર્વે કરવામાં આવેલ છે તે કેટલા ઝુંપડાનું સર્વે થયુ છે તેની કુલ સંખ્યા બતાવવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર ઝુંપડપટ્ટીનાં સ્પોટ સર્વે મુજબ ૨૪૬ ઝુંપડા હોવાનું જણાયેલ છે. તેવુ સમય અવધિબાદ જણાવેલ. મુદ્દા નં.(૨) શિવાજીનગર ઝુંપડપટ્ટીમાં જે ઝુંપડાવાસીઓનું સર્વે કરવામાં આવેલ છે તેમાં જે દરેક ઝુંપડાવાસીઓ આપેલા એચ.આઈ.નંબરનું દરેક વ્યકિતઓના નામો દર્શાવતું લીસ્ટ તૈયાર કરીને આપવા બાબત. મુદ્દા નં.(૩) વરાછા ઈસ્ટ ઝોન ધ્વારા જેમના લાભાર્થીના મેળવેલા અરજી ફોર્મમાં જે આવાસ ફાળવણીમાં જે લાભાર્થીના નામનાં એચ.આઈ.નંબર તથા તેમને ફાળવેલા આવાસનાં બ્લોક નંબર અને રૂમ નંબર સહિત લીસ્ટ તૈયાર કરીને આપવા બાબત. મુદ્દા નં.(૪) વરાછા ઈસ્ટ ઝોન તરફથી જે આવાસ મેળવનારા લાભાર્થીઓનું જે તેમના અરજી ફોર્મ સાથે કયા પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે અને તેમને કયા પુરાવાના આધારે આવાસ ફાળવણી કરવામાં આવેલ છે આ અંગે તમામ માહિતી લેખિતમાં પુરી પાડવા બાબત. ઉપરોકત નિર્દીષ્ટ મુદ્દા નં.૨,૩,૪ અંગે જાહેર માહિતિ અધિકારી તરફથી તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી વિસ્તૃત પ્રમાણમાં હોવાથી તેમને ચાલુ ઓફિસ દરમ્યાન વરાછાઝોનની કચેરીએ (ખાતામાં) દફતરી ચકાસણી કરી શકો છો. તેવુ સમય અવધિબાદ જણાવેલ. મુદ્દા નં.(૫) કેન્દ્ર સરકારશ્રી–રાજય સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની ગરીબો માટેની આવાસ યોજના અંગે જે શહેરી ગરીબ આવાસ યોજનામાં જે કેન્દ્ર સરકાર કે રાજય સરકાર ધ્વારા જે નિતી બનાવી છે કે જેમની પાસે પોતાનું મકાન નહીં હોય અને બેઘર રહેતા હોય અને ભાડેથી રહેતા હોય તેવા લોકોને આ યોજનાનો લાભ મળે તે અંગે યોજના ઘડવામાં આવી છે. મુદ્દા નં.(૬) વરાછા ઈસ્ટ ઝોન ખાતે જે ભાડુત તથા બેઘર બનેલા ઝુંપડાવાસીઓ માટે આવાસ મેળવવા માટે હકકદાર ખરા તેનો જવાબ આપવા બાબત. મુદ્દા નં.(૭) વરાછા ઈસ્ટ ઝોનમાં જે કોઈપણ ભાડુત

કે બેઘર બનેલા વ્યકિત અને તેમના નામે શહેર હદમાં પોતાના નામે મકાન નહીં હોય કે શહેરના ૮ કીલોમીટરની હદમાં તેમની પાસ ે પ્લોટ નહીં હોય  તેવા ગરીબ પછાત વર્ગના બેઘર વ્યકિત પોતાનું મકાન મળે તે હેતુથી આવાસ મેળવવા માટે આપને ત્યાં કેન્દ્રસરકાર અને રાજય સરકારની બનેલી નિતીનો લાભ મેળવે અને તેમાં આવાસ મેળવવા માટે અરજી કરે તે ગુન્હો છે. આ અંગેની સ્પષ્ટતા કરવી અને લેખીતમાં આ  વિષયને ધ્યાનમાં રાખીને તમામ હકીકતનો જવાબ આપવા મહેરબાની કરશોજી.ઉપરોકત નિર્દીષ્ટ મુદ્દા નં.૫,૬,૭ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આ મુદ્દાથી કઈ માહિતી માંગેલ છે? તેની   સ્પષ્ટતા થતી નથી. તેવુ સમય અવધિબાદ જણાવેલ. જાહેર માહિતી અધિકારીને અત્રેથી પત્ર પાઠવી અરજદારે   તપાસણી મેળવેલ –આપેલ હોય તો રોજકામની નકલ સહ રજુ કરવા તથા તા.૧૧–૧૧–૧૧ નો પત્ર સમય મર્યાદામાં અરજદારને રવાના કર્યાના આધાર સ્પષ્ટ કરવા જણાવેલ. જે અંગે કોઈપણ વિગત અત્રે રજુ કરેલ  નથી.  તેમજ અરજદારે પણ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી Late મળ્યાના કોઈ આધાર રજુ કરેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી ઈન્પેકશન મેળવ્યા અંગે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.

અત્રે સુચક છે કે અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ સામે જાહેર કરવા યોગ્ય કક્ષાની હોવા છતાં તથા આવી માહિતિ વેબ પર પ્રસિધ્ધ કરવાની અને પ્રકાશિત સ્વરૂપે પણ રાખવાની હોવા છતાં તે મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારીએ માહિતી સમય અવધિમાં ફી વસુલ લઈ પુરી પાડવાનો બદલે તપાસણી નો પ્રસ્તાવ કાયદાની ભાવના અને હાર્દ સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારની તા.૩૦–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી  અંગે  જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અને ૩ની સ્વયં જાહેર કરવા યોગ્ય પ્રકારની માહિતી પુરી પાડેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ સદર બન્ને માહિતી અરજદારને દિન–૭ માં પુરી પાડવા  એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી  વરાછાઝોન ને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૪  અંગે નિયત સમય અવધિબાદ રૂબરૂ નિરીક્ષણ કરી જવા જણાવેલ છે. જે પ્રસ્તાવ મુજબ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ અગોતરો સમય લઈ મુદ્દા નં. ૪ ઈન્સપેકશન કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.''

અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારી નો સંપર્ક કર્યેથી હુકમની અમલવારી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે કરી તેની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી